જે વ્યક્તિ જીવનનો આનંદ માણી શકતો હોય એ નિષ્ફળ છે એવું કહી ન શકાય
- બર્નાડ શો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૮ | ૨૧ નવેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો



(તસવીર : કશ્યપ નિમાવત)

## છેલ્લા બે દિવસથી ઠંડા પવનોના કારણે રાત્રે ઠંડક અનુભવાય છે : લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિ.સે. સુધી પહોચ્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગયા અઠવાડિયે પારો ઉંચો રહ્યા બાદ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પુનઃ ફેરફાર થયો છે. ઠંડા પવનો શરૂ થતા પારો નીચે ગયો છે. આજે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિ.સે. જેટલું નોંધાતા વસાહતીઓને ગરમ વસ્ત્રો લપેટવાની જરૂરીયાત અનુભવાઈ હતી.

આ વર્ષે દરેક ઋતુ મોડી શરૂ થઈ છે. ચોમાસુ મોડુ શરૂ થયુ અને છેક ઓક્ટોબર માસની શરૂઆત સુધી ચાલુ રહ્યું. તે પછી નવેમ્બર માસના પહેલા પખવાડિયામાં આકરી ગરમી અને તાપ અનુભવાયા. હવે બીજા પખવાડિયામાં ધીમે ધીમે ઠંડીની શરૂઆત થઈ હોય તેવું લાગી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## જન્મ દિને શુભકામનાઓ...



રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનો આજે જન્મ દિવસ છે. શિક્ષકથી લઈ સફળ રાજકારણી થયેલા શ્રીમતિ પટેલ મૂળ મહેસાણા જિલ્લાના વતની છે. ખરોડ અને વિસનગરમાં શિક્ષણ મેળવ્યા બાદ અમદાવાદની મોહિનીબા કન્યા વિદ્યાલયમાં શિક્ષકથી આચાર્ય પદ સુધીની યાત્રા તેમજ રાજ્યસભાથી વિધાનસભા અને મંત્રી થી મુખ્યમંત્રી તરીકેની તેમની સફળ યાત્રાએ તેમની કર્મઠતાનો પુરાવો છે.

શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ મેળવનાર મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે તેમના જન્મદિને શુભકામનાઓ...

છેલ્લા દાયકાથી ગુજરાતનો વિકાસ જે ઝડપે થયો છે તે ઝડપ રાજકીય આટાપાટાની આંધીમાં અવરોધાય નહી તેનો સતત ખ્યાલ રાખી શ્રીમતી આનંદીબેન ગુજરાતને ભારતના વિકાસનું કેન્દ્રબિંદુ બનાવવાનો શ્રેષ્ઠત્તમ પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતની પ્રજાની આશા અને અરમાનો પર પુર્ણપણે ખરા ઉતરી રહેલા શ્રીમતી આનંદીબેન પટેલ ગુજરાતને ટુંક સમયમાં વિકાસને ટોચે બેસાડશે તેવી આકાંક્ષા અને અપેક્ષા સાથે તેઓને ૭૪માં જન્મદિને ગાંધીનગર સમાચાર હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

# ગુણોત્સવના પ્રથમ દિવસે ૧૨૧ શાળાઓ આવરી લેવાઈ

## રમણલાલ વોરા નાંદોલ, મંગુભાઈ પટેલ સે-૧૩, એસ.જે. હૈદર ઝાલાની મુવાડી, મુખ્ય સચિવ વાસણા-રાઠોડ : હીના પટેલ પોર-પેથાપુર ગયા

### આજે ઝારખંડની ટીમ ગુણોત્સવ માટે આવે છે

ગાંધીનગર જિલ્લામાં આજથી આરંભાયેલ ત્રિદિવસીય ગુણોત્સવને જોવા તેમજ તેના આયોજનની જાણકારી માટે ઝારખંડની એક ઉચ્ચસ્તરીય ટીમ આવી રહી છે.

આ ટીમ સવારે આવી રહી છે તેમના આગમન બાદ તેઓ ૧૦.૩૦ વાગ્યાથી ગુણોત્સવમાં જોડાશે. જો કે તેમનો રૂટ આજે મોડી સાંજે નિયત કરવામાં આવશે.

### આજે મુખ્યમંત્રી આનંદીબેન જિલ્લામાં ફરશે

ગાંધીનગર જિલ્લામાં આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ગુણોત્સવમાં જોડાવાના છે. તેમનો આજે જન્મ દિવસ છે. તેઓ તેમના જન્મ દિવસની ઉજવણી બાળકો વચ્ચે કરવા વધુ અત્સુક છે. તેઓ નિવૃત્ત આચાર્યા છે તેથી તેમને બાળકો વધુ પસંદ છે. તેઓ ચાંદખેડા વિસ્તારની શાળાઓની મુલાકાતે જનાર છે.

### રમણલાલ વોરાએ મધ્યાહ્ન ભોજનની મઝા લીધી

આજે ગુણોત્સવમાં હાજરી આપવા ગયેલ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાએ નાંદોલમાં મધ્યાહ્ન ભોજન લીધુ હતુ.

રાજયના મુખ્ય સચિવશ્રી ડી.જી. પાંડિયને મધ્યાહ્ન ભોજન યોજનાનું ભોજન ગામની સ્વચ્છતા થશે ત્યારે બહાર ઓટલે બેસી સપ્તાહ બાદ લેવાની આપી હતી.

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાની ૧૨૧ જેટલી શાળાઓમાં આજે ગુણોત્સવ પર્વ ઉજવાયું હતું. જેમાં ૧૧૮ મહાનુભાવો જોડાયા હતા.

પાંચમા ગુણોત્સવનો આજે પ્રારંભ થયો છે. આજે પ્રથમ દિવસે રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા દહેગામ તાલુકાના નાંદોલ ગામે ગુણોત્સવમાં હાજરી આપવા પહોંચ્યા હતા. તો રાજયના વન મંત્રીશ્રી મંગુભાઈ નિનામા સે-૧૩ની પ્રા. શાળામાં પહોંચ્યા હતા.

આજે પ્રથમ દિવસે જ રાજયના મુખ્ય સચિવશ્રી ડી.જી. પાંડિયન પણ એકાએક જ દહેગામ તાલુકાના વાસણા રાઠોડ અને ઝાલાની મુવાડી ગામે પહોંચી ગુણોત્સવમાં જોડાયા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલ પોર-પેથાપુર પ્રા. શાળાના ગુણોત્સવમાં જોડાયા હતા.

ત્રિદિવસીય ગુણોત્સવના આજના પ્રથમ દિવસે જ સમાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી રમણભાઈ વોરાએ નાંદોલના બાળકો સાથે મધ્યાહન ભોજન યોજનાની મોજ માણી હતી.

જો કે આજે મધ્યાહ્ન ભોજન યોજનામાં ઘણા બધા કેન્દ્રોમાં લીલી શાકભાજી પીરસવામાં આવી ન હતી. ગાંધીનગર તાલુકા ઉપરાંત કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આ ફરિયાદો મળવા પામી છે.

ગુણોત્સવમાં આજે બહારથી આવેલા મૂલ્યાંકનકારોએ સ્વચ્છતા પર વિશેષ ભાર મુકયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. આ ઉપરાંત પ્રા. શાળાઓમાંની લાયબ્રેરીઓ અપ ટુ માર્ક પણ જોવા મળી ન હતી. સંશાધનોના ઉપયોગને લઈ પણ ઉદાસીનતા દાખવામાં આવતી હોવાની છુટી છવાઈ ફરિયાદો મળવા

● અનુસંધાન પાન-૭ પર



ગુણોત્સવ - જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મંત્રીઓ અને અધિકારીઓ મૂલ્યાંકન માટે પહોંચ્યા હતા. જિલ્લાના વાસણા રાઠોડ ગામે પ્રાથમિક શાળાની મુલાકાતે એકાએક મુખ્ય સચિવ ડી. જે. પાંડિયન પહોંચ્યા હતા. શાળાની આસપાસ ગંદકી પરત્વે શિક્ષકોનું ધ્યાન દોર્યુ હતું. જ્યારે મંત્રીશ્રી રમણલાલ વોરાએ નાંદોલની શાળામાં બાળકો સાથે શિક્ષણકાર્ય અને મધ્યાહ્ન ભોજન માણ્યું હતું.

# ઉદ્ઘાટન માટે મંત્રી ન આવ્યા...!

## સાંસદોની બેઠક ઉદ્ઘાટન વિના જ સંપન્ન થતાં એક સાંસદની તીખી ટકોર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પંડિત દિનદયાલ ભવનખાતેગઈકાલેઆદર્શગ્રામયોજના અંગે સાંસદો અને અધિકારીઓની બેઠકમાં બેઠકના ઉદ્ઘાટનને વિસરાઈ ગયાનું જણાતાં એક સંસદ સભ્ય ઉકળી ઉઠ્યા હતા અને તેમણે આ બાબતે નારાજગી બેઠકના અંતિમ ચરણમાં વ્યક્ત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠક બપોરે ૧૧.૦૦ વાગે શરૂ થવાની હતી અને તેના પ્રારંભમાં રાજ્યના મંત્રી આવવાના હતા પરંતુ મંત્રીશ્રી ના આવતા સાંસદે રોષ વ્યક્ત કર્યો હોવાનું કહેવાય છે.

આ સાંસદ જે રીતે તાડુકીને બોલ્યા હતા તેનાથી અધિકારી વર્ગમાં તો એટલો સન્નાટો વ્યાપી ગયો હતો કે કોઈ કંઈજ બોલવા તૈયાર ન થયા અને ઝડપથી બેઠક આટોપી લેવામાં આવી હતી.

આ બેઠકમાં બપોરના ચાર વાગ્યાની આસપાસ રાજ્યમંત્રી શ્રી જયંતિભાઈ કવાડિયા પહોંચ્યા હતા અને તેમણે પણ થોડીવાર હાજરી આપી પરત ફર્યા હતા.

આદર્શ ગ્રામ યોજના એ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની મહત્વાકાંક્ષી યોજના છે પણ મંત્રીમંડળનું વિસ્તરણ અને ત્યારબાદ કેબિનેટની બેઠક અને વ્યસતતાને લઈ કોઈ મંત્રી ત્યાં ન જતાં સાંસદો અંદરોઅંદર ચર્ચા કરી અને નારાજગી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. જો કે બપોર પછી શ્રી કવાડિયાની હાજરીએ અધિકારીઓને થોડીક રાહત આપી હતી.

જો કે પહેલી વર્કશોપ બેઠક ઉદ્ઘાટન વિનાજ સંપન્ન થયાનું બહાર આવવા પામ્યું છે. આજે આ મુદ્દો સચિવાલય અને રાજકીય ગલિયારોમાં ચર્ચાનો મુદ્દો હતો.

# શતમ્ જીવઃ શરદઃ



**રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી**

**શ્રીમતિ આનંદીબેન પટેલને**

**તેમના જન્મદિને હાર્દિક શુભકામનાઓ...**

- રાજ્યની મહિલાઓ માટે આપના કુશળ નેતૃત્વમાં ગાંધીનગર જિલ્લાએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે...
- સંતુલિત વિકાસ એ જ આપનો ધ્યેય સૌને સ્પર્શે છે...
- મહેસુલી કાયદાઓમાં ઝડપી સુધારા કરી તંત્રને ગતિશીલ બનાવવામાં આપનું યોગદાન ક્યારેય વિસરાશે નહિ...
- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામતના પ્રણેતા...



**હિના પટેલ**

પ્રમુખ,
જિલ્લા પંચાયત, ગાંધીનગર

# સિવિલની ગંદકી વિડિયો કોન્ફરન્સમાં ચમકી

## આરોગ્ય કમિશનરશ્રીએ ગાંધીનગર સિવિલને સ્વચ્છ રાખવા અને આસપાસના દબાણો દૂર કરવા અને કોલેજ સંકુલની પાસેનો વિસ્તાર પણ સ્વચ્છ રાખવા સૂચવ્યું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગંદકીનું સામ્રાજ્ય એ આરોગ્ય સંકુલોની સ્વચ્છતા માટે યોજાયેલી વિડીયો કોન્ફરન્સમાં સૌથી વધુ છવાયેલી રહેવા પામી હતી.

ગઈકાલે આરોગ્ય કમિશનરશ્રી ગુપ્તાએ આરોગ્ય સંકુલોની સ્વચ્છતા અંગે એક ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી અને સંકુલોની સ્વચ્છતા અંગે કાળજી લેવા આગ્રહ કર્યો હતો.

આ વિડિયો કોન્ફરન્સમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સફાઈ તેમજ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિર્માણને લઈ થયેલી ગંદકી બાબતે તેમણે તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

આરોગ્ય કમિશનરશ્રીએ હોસ્પિટલના સંકુલની આસપાસ દબાણો જે ઉભા થયા છે તેને લઈ

● અનુસંધાન પાન-૭ પર




## શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

# સ્નેહ-મિલન સમારંભ

**શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા નવા વર્ષનો સ્નેહમિલન સમારંભ તા. ૨૩-૧૧-૨૦૧૪ના રોજ સાંજે ૩-૦૦ કલાકે રાજપૂત ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખેલ છે. તો સમાજના તમામ રાજપૂત પરિવારોને પ્રસંગમાં અવશ્ય હાજર રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. સમારંભના અંતે ભોજન વ્યવસ્થા રાખેલ છે.**

**પ્રદિપસિંહ પી.વાઘેલા**
મહામંત્રીશ્રી
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

**કરણસિંહ બી.વાઘેલા**
પ્રમુખ
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર